# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ




વિનય ન વિવેક વાણીમાં, બથં-બથ્થાં થાય છે,
ખોટા મુદ્દે ખૂબ ખાલી-ખોટી ચૂંથં-ચૂંથ્થાં થાય છે,
જૂથં-જૂથ્થાં થાય છે પ્રતિનિધિત્વ લોકસભાનું -
કામ-કાજ કૈં કરતા નથી, ખોટાં ભથ્થાં ખાય છે
(લોકસભા - ઠપ્પ)




'શિસ્ત-સેવા'નો
ખદબદે કાદવ,
કમળે કાણાં
(ભેદે ભમરા)

ચાલ્યાં જાય છે
પહેરાવીને 'ટોપી'
ટિકીટ ભૂખ્યાં..
(બળવાખોરો નાં 'કેસરીયાં)'

## ચિંતન

**આપદાં કથિતઃ પંથાઃ ઇન્દ્રિયાણાંમ સંયમઃ ।**
**તજ્જયઃ સંપદાં માર્ગો યેનેષ્ટં તેન ગમ્યતામ્ ॥**

'ઇન્દ્રિયો પર સંયમ નો અભાવ હોવો, એ આફત-આપત્તિઓનો માર્ગ છે. તેની ઉપર વિજય એ સંપત્તિનો માર્ગ કહેવાય છે. જે ઇષ્ટ હોય તે માર્ગને અપનાવો.'

ઇન્દ્રિયો પર સંયમ જરૂરી છે, સ્વાદની હોય, (ખાવા-પીવા કે બોલવામાં) જીભ પર મન-આત્માનો કાબૂ હોય તો માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સચવાઇ જાય છે. વાસના અને વ્યસન પર મનથી કાબૂ મેળવી શકાય છે. ખરાબ જોવું નહીં, સાંભળવું નહીં. એની પણ માનસિક ખૂબ જ અસર થાય છે. પંચેન્દ્રિય પર કાબૂ ન હોય તો જીવ જયાં-ત્યાં ભટકી પતન પામે છે. આમ સંયમના અભાવથી આપત્તિઓ તો આવે જ છે.

જો મન, જીભ, દૃષ્ટિ, શ્રવણ પર 'જીવ'નો આપણો સંપૂર્ણ કાબૂ હોય તો જીવનના પગલે પગલે વિવેક આપણને જાગૃત રાખી આત્મને આમ થાય - આમ ન થાયનું માર્ગદર્શન આપે છે. પરિણામે દુરાચરણથી બચી જવાય છે, અને આપત્તિઓ આવતી નથી.

આથી આ શ્લોકમાં માર્ગદર્શન આપતાં આ બે સંયમ-અને અસંયમીનામાંથી તમને સુખી કે દુઃખી થવું હોય તે માર્ગે જઇ શકો છો.

## સુવિચાર

- ગરીબી પ્રગટ થઇ જવી એ ગરીબ હોવા કરતાં પણ વધારે કષ્ટદાયક છે - **પ્રેમચંદજી**
- આજે ભણવા પ્રત્યે તો સૌ કોઇને જાગૃત આવી છે પણ શું ભણવું જોઇએ તે કોઇ જાણતું નથી - **બર્નાડ શૉ**
- ક્ષમામાં જેટલી પાપને પુણ્ય બનાવવાની તાકાત છે એટલી અન્ય કોઇ વસ્તુમાં નથી - **જયશંકર પ્રસાદ**
- ધ્યેય જેટલું મહાન તેટલો જ તેનો માર્ગ પર લાંબો અને વિકટ - **સાને ગુરૂજી**
- ખાલી-ખોટી-મિથ્યા પ્રશંસા ઘણી જ કષ્ટપ્રદ છે - **કાલિદાસ**
- નારી સાક્ષાત ક્ષમા, દયા, અને સ્નેહની મૂર્તિ છે - **બંકિમ બાબુ**
- કોઇ ચીજ, બાબત, સારી કે ખરાબ નથી, તમારો દૃષ્ટિકોણ જ તેને સારી કે ખરાબ બનાવે છે - **શેક્સપિયર**

## બોધ કથા

ચૂંટણીના પ્રચારમાં નેતાઓ એવી લવારીએ ચઢે છે કે રાજ્યની તિજોરી-આવક-ભંડોળ-બચતને ધ્યાનમાં લીધા વિના પગ ખોળીને વચનોની લ્હાણી અને મફતમાં પિરસણાં કરે છે. એક કહે અમે 'મફત ઘર' દેશું, બીજું કહે પ્લોટ, ત્રીજો કહે મફત વીજળી, ચોથો મફત પાણી.. રસ્તા-તળાવ-બંધ-યુનિવર્સિટી તો ગામે-ગામ ખિસ્સામાંથી કાઢી આપી દેતા હોય છે.

પ્રજા પણ આ બધાની ખંધાઇ અને પોકળતાને પારખી ગઇ છે એવા આશા-દિલાસા-વચનોમાં ભેરવાઇને કોઇ મત આપતું નથી - પ્રજા બધું સમજે છે કે આપણને આ મૂર્ખાઓ, મૂર્ખ જ સમજે છે.

એક લુચ્ચી હલીમાબાઇનો બાબો તાવમાં પટકાયો-દવા-દારૂ કર્યાં પણ તાવ ઉતરતો નો'તો. એણે પણ નેતાજીને જેમ બડબડાટ શરૂ કર્યો. એય ખૂદા! મારા બેટાને તાવ ઉતરી જશે તો તને આસમાન જેટલી મોટી રોટી ભેટ કરીશ! નિર્દોષ પ્રજા જેવું બાળક તરત બોલ્યું - માં! પણ તું એ રોટી શેકવા એટલી મોટી તવી અને ચૂલો લાવીશ ક્યાંથી?

મા કહે, "બેટા! ઇ તો હું ખૂદા કો ફૂસલાતી હું!" - તું સાજો થઇ જા પછી કયા રોટી ને કયા ખૂદા!

## વિશ્વનાં ઘણાં જાગૃત નાગરિકો હવે પ્રાણી સંગ્રહાલયોમાં ન જવા માટે પ્રતિબધ્ધ થયા છે, પોતાના મનોરંજન માટે થોડાક રૂપિયા ખર્ચીને પ્રાણીઓ પર થતાં અત્યાચારને પ્રોત્સાહન આપવાની તેમની તૈયારી નથી

### વન્યસૃષ્ટિ પરિચય

### પ્રાણીઓની જેલ - પ્રાણી સંગ્રહાલયો

**- હેમંત સુથાર**

આપણે ૧૯૪૭માં આઝાદ થયા. પરંતુ વન્યજીવો હજુ સુધી આઝાદ થયા નથી. આ પૃથ્વી પર જયાં સુધી માનતો રહેશે. ત્યાં સુધી વન્યજીવો ઉપર સંશોધન, પ્રદર્શન, શિકાર, પાલતું બનાવવા જેવા વિવિધ અત્યાચારો થતાં રહેશે.

ઝૂ (Zoo) કે ઝૂઓલોજીકલ ગાર્ડન જેને આપણે પ્રાણી સંગ્રહાલયો કહીએ છીએ તે એવી જગ્યા છે કે જયાં જંગલી અને કેટલાંક પાલતું પ્રાણીઓને પ્રદર્શન હેતુ બંધનાવસ્થામાં રાખવામાં આવ્યા હોય છે. વિશ્વમાં ૧૦૦૦થી વધુ પ્રાણી સંગ્રહાલયો હોવાનો અંદાજ છે. આપણાં ભારત દેશમાં ૩૫૫ જેટલા પ્રાણી સંગ્રહાલયો છે. જેમાં ૫૦,૦૦૦ થી વધુ પ્રાણીઓ બંધનાવસ્થામાં છે. એક ગણતરીનાં અંદાજ મુજબ આપણાં દેશમાં ૨૩ ઉભયજીવીઓ, ૧૭૨૯૧ - પક્ષીઓ, ૨૦૨૧૯ - સસ્તનો, ૮૧૬૩ - સરિસૃપો ઝૂમાં પ્રદર્શન હેતુથી રાખવામાં આવેલા છે.

ઇસ્વીસન પૂર્વે ૪૫૦૦માં કબૂતરોને પાંજરામાં રાખવામાં આવતાં હોવાની નોંધે છે. મેક્સિકોમાં વર્ષ ૧૫૧૯માં ઝૂ હતું. જયાં ૩૦૦ જેટલી વ્યક્તિઓ કામ કરતી હતી. વર્ષ ૧૭૫૨ બાદ મોર્ડન ઝૂ કીપીંગ શરૂ થયું હોવાનું મનાય છે. આપણાં ભારતમાં વર્ષ ૧૮૦૧ માં બરાક પેરો પાર્ક, બરાક પોર ઝૂ સહુ પ્રથમ બન્યું હોવાની નોંધ છે. વર્ષ ૧૮૫૪-૫૫ દરમિયાન કલકત્તા, મદ્રાસ, ત્રિવેન્દ્રમ્ જેવા સ્થળોએ ઝૂ સ્થાપાયા હતા. વર્ષ ૧૮૬૩માં જૂનાગઢ ખાતે સક્કરબાગ ઝૂની સ્થાપના ત્યાંના નવાબ દ્વારા કરવામાં આવી હતી. જેની ગુજરાતના પ્રથમ ઝૂ તરીકે ગણના થાય છે. પ્રાણી સંગ્રહાલયોની સ્થાપના પાછળના મુખ્ય હેતુઓમાં મનોરંજન, આનંદ-પ્રમોદ, શિક્ષણ, જાણકારી, સંશોધન, સંવર્ધન વગેરેનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ બધા દ્વારા લોકોમાં વન્યજીવો પ્રત્યે તેના સંરક્ષણ કરવા માટેની જાગૃતિ આવે તેવો હેતુ પણ છે.



આજે હકીકત એ છે કે, વિશ્વના મોટા ભાગના પ્રાણી સંગ્રહાલયો પ્રાણીઓ પરના સીધા કે આડકતરા અત્યાચારોના કેન્દ્રો બની ચૂક્યા છે. પ્રાણી સંગ્રહાલયોમાં રાખેલા પ્રાણીઓને તેમની કુદરતી અવસ્થા કે રહેઠાણો જેવી સ્થિતિ મળતી નથી. ખુબ જ નાના ઓછા કદના પાંજરાઓ/જગ્યાઓમાં તેમને રખાય છે. કુદરતી અવસ્થામાં વાઘ, સિંહ જેવા પ્રાણીઓ જેટલી જગ્યામાં હરેફરે છે, તેના કરતાં પ્રાણી સંગ્રહાલયોમાં ૧૮૦૦૦ ગણી ઓછી જગ્યામાં રખાય છે. જંગલમાં હાથી રોજ ૩૦ માઇલ વિસ્તારમાં ફરે છે અહીંયા તેના કરતાં ૧૦૦૦ ઘણી ઓછી જગ્યામાં તેને રખાય છે. મોટા ભાગે તેના આગળના એક બે પગે સતત સાંકળ બાંધેલી હોય છે જેના કારણે તે હરીફરી શકતો નથી.

મોટા ભાગના ઝૂમાં પૂરતાં પ્રમાણમાં પાણી હોતું નથી. દિવસો સુધી બદલાયું ન હોય તેવા ગંદા લીલવાળા પ્રાણીમાં જલીય પ્રાણીઓને રખાય છે. પાંજરાઓમાં પૂરતું સ્વચ્છ પાણીનું પાણી નિયમિત તથા સમયસર અપાયું નથી. તેજ રીતે પૂરતો કુદરતી ખોરાક અપાયો નથી. સાંકડા, ગંદા લોખંડના પાંજરાઓ, જેના તળિયા સિમેન્ટ ક્રોંકીટના, ઘાસનું એક તણખલું પણ ન હોય તેવી અકુદરતી જગ્યાએ કે જયાં પ્રાણીઓની ઉડવા, તરવા, દોડવાં, વૃક્ષો પર ચઢવા - ઉતરવા, ચરવા, શિકાર કરવા, જમીન ખોદવા - ખોતરવા, બખોલ-દર બનાવવા, નર કે માદાની કે શિકારની શોધ કરવી જેવી કુદરતી તમામ પ્રવૃત્તિઓ પ્રતિબંધિત થઇ જાય છે. આ કારણોસર મોટા ભાગના ઝૂના પ્રાણીઓ અશક્ત, ઇજાગ્રસ્ત, કે બિમાર હોય છે. આવા કારણોસર પ્રાણીઓ સતત ચાલ્યા કરે, માથું હલાવ્યાં કરે, સૂનમૂન બેસી રહે, પાંજરાના સળિયાને બચકાં ભરીને કે નહોર મારીને પોતાની જાતને પહોંચાડે - જેવા લક્ષણો જોવા મળે છે.

ઝૂના પ્રાણીઓની આવી અકુદરતી અને હાનિકારક વર્તણૂંકને ઝૂ ઓસીસ (Zoochosis) કહેવામાં આવે છે. ઘણી જગ્યાએ ટોળામાં કે નર-માદાની જોડીમાં રહેવા ટેવાયેલ પ્રાણીઓ એકલા રખાય છે. આ બધા પ્રાણીઓ પરના અત્યાચારોના કારણે ઝૂના હજ્જારો પ્રાણીઓ તેમના આયુષ્ય કરતાં વહેલાં કમોતે મરે છે. આ બધું માનવોના મનોરંજન માટે થાય છે.

ઘણાં પ્રાણી સંગ્રહાલયો પાસે જરૂર કરતાં વધારે પ્રાણીઓ હોય છે. તેવા કેટલાક પ્રાણીઓ માંસ-મટન માટે કે સર્કલવાળાને કે પ્રાણીઓ પાળનારાને વેંચી નાખવામાં આવે છે, અને કોઇ અન્ય વિકલ્પ ન રહે તો મારી નાંખવામાં આવે છે. યુરોપના પ્રાણી સંગ્રહાલયો પાસે આવા ૭૫,૦૦૦ થી ૨,૦૦,૦૦૦ જેટલા પ્રાણીઓ હોવાનો અંદાજ છે.

રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કાયદાઓ - નિયમો પ્રમાણે પ્રાણી સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરવા માટેના પ્રાણીઓને જંગલ વિસ્તારો (Wild) માંથી લાવવા પર પ્રતિબંધ છે. પ્રાણી સંગ્રહાલયોના મોટા ભાગનાં પ્રાણીઓ જંગલી હોય છે. તેથી આ કાયદા-નિયમોનું મોટાભાગે પાલન થતું નથી. યુનાઇટેડ કિંગડમમાં ૭૯ ટકા જલીય પ્રાણીઓ તેમના કુદરતી વિસ્તારોમાંથી પ્રાણી સંગ્રહાલયોમાં લવાય છે. યુરોપના ૭૦ ટકાથી વધુ હાથીઓ જંગલોમાંથી લવાયા છે.

ભય હેઠળના પ્રાણીઓના ઉછેર અને લોકશિક્ષણ માટેનો પ્રાણી સંગ્રહાલયોનો હેતુ સફળ રહ્યો નથી. પ્રાણી સંગ્રહાલયોમાં ઉછેરાતાં પ્રાણીઓમાં જીનેટીક ડાયવર્સિટી હોતી નથી. પ્રાકૃતિક અવસ્થામાં આવા પ્રાણીઓ ટકી શકતાં નથી. આ હેતુમાં મળેલ આંશિક સફળતા સામે ખર્ચ અને પ્રાણીઓને થતી હાની વિચાર માંગી લે છે.

મનોરંજનના વિવિધ માધ્યમોના આ યુગમાં પ્રાણી સંગ્રહાલયોમાં દિન-પ્રતિદિન મુલાકાતીઓ ઘટી રહ્યા છે. મુલાકાતીઓ પૈકી મોટા ભાગના શિક્ષણ હેતુ માટે ઝૂમાં આવતાં નથી. શાળાઓમાંથી પ્રાણી સંગ્રહાલયોની મુલાકાત જવલ્લે ગોઠવાય છે. તેવા સમયે બાળકોને કોઇ શિક્ષણ મળે તેવી વ્યવસ્થા હોતી નથી. જેમ બને તેમ ઝડપથી ઝૂ મુલાકાત જાણકારીઓ અપાયા વગર પૂરી થાય છે. પરિણામે પ્રાણી સંગ્રહાલયો થકી શિક્ષણ અને સંરક્ષણનો હેતુ જળવાતો નથી.

વિશ્વ કક્ષાએ વર્લ્ડ એસોશિએશન ઓફ ઝૂ એન્ડ એક્વેરીયમ (WAZA) નામની સંસ્થા પ્રાણી સંગ્રહાલયોના વ્યવસ્થાપન અને નિયમન પર નજર રાખે છે. આપણાં દેશમાં આઝાદીના ૪૫ વર્ષ બાદ પ્રાણી સંગ્રહાલયોના નિયમ માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨ સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી (CZA) નામની સંસ્થા સ્થાપવામાં આવી. તે જ રીતે નેશનલ ઝૂ પોલીસી - ૧૯૯૮ નક્કી કરવામાં આવી અને ઝૂ માન્યતાના નિયમો - ૧૯૯૨ અને ત્યારબાદ ૨૦૦૯માં નિયમ કરવામાં આવ્યો. આમ છતાં પ્રાણી સંગ્રહાલયોમાં પ્રાણીઓની સગવડો અને સ્વાસ્થ્ય ખુબ જ ચિંતાજનક સ્થિતિમાં છે. વિશ્વ કક્ષાએ આજે "પીપલ્સ ફોર ધ એથેટીકલ ટ્રીટમેન્ટ ઓફ એનીમલ્સ" (PETA) નામની સંસ્થા પ્રાણી સંગ્રહાલયોને બંધ કરાવવા માટેનું જબરદસ્ત આંદોલન કરી રહી છે.

વિશ્વનાં ઘણાં જાગૃત નાગરિકો હવે પ્રાણી સંગ્રહાલયોમાં ન જવા માટે પ્રતિબધ્ધ થયા છે. પોતાના મનોરંજન માટે થોડાક રૂપિયા ખર્ચીને પ્રાણીઓ પર થતાં અત્યાચારને પ્રોત્સાહન આપવાની તેમની તૈયારી નથી. શું પ્રાણીઓની આ જેલો કે જયાં નિર્દોષ લાખો પ્રાણીઓ સબડે છે - સજા ભોગવે છે, તે ચાલું રહેવું જોઇએ?

## સાધારણ રીતે હળવા લેખો લખવા ટેવાયેલા અમને એકવાર મોડી રાત્રે એક હોરર સિરીયલ જોઇને તે 'ફીલ્ડ'માં હાથ અને કલમ અજમાવવાનો ભયંકર વિચાર સ્ફુર્યો

### હળવાશની ક્ષણોમાં !

### ભૂતની અદભૂત કથા !

**- ચિત્રસેન શાહ**

'રિટર્ન ઓફ ભૂત' પિક્ચર રિલીઝ થયેલું ત્યારથી 'ભૂત' અંગે લખવાની ઇચ્છા હતી પરંતુ કોઇને કોઇ કારણસર લખવાનું રહી ગયેલું ને છેક દિવાળી સુધી લખાયું નહીં અને નૂતન વર્ષની પધરામણી થઇ ગઇ! આ વિચારોમાં હું ખોવાયેલો હતો અને મારાથી જરા મોટેથી બોલાઇ જવાયું - 'હવે નૂતન વર્ષના પ્રારંભે 'ભૂત' વિશે લખીએ' તો કેવા લાગીએ?!'

તે જ સમયે અમારા ઘરમાં અમારા મિત્રે ગૃહપ્રવેશ કરતાં જવાબ આપ્યો - 'ભૂત જેવો!'

આ થઇ નવા વર્ષની પ્રથમ થેક!

એટલે આ રીતે આપણે નવા વર્ષની શરૂઆત 'ભૂત' થી નહીં પરંતુ 'જોક' થી કરીએં છીએ!

પરંતુ તેમ છતાં ભૂત વિશે લખવું જ હોય તો લેખને શિર્ષક આપી શકાય - 'અદ્ભૂત!'

કારણ કે ચૂંટણીનાં માહોલમાં લેઇટેસ્ટ ટેક્નોલોજીના ઉપયોગને કારણે પણ 'અદ્ભૂત' શબ્દ બંધ બેસે છે!

થોડા વર્ષો પહેલાં ફિલ્મ નિર્દેશક રામગોપાલ વર્માએ એક અદ્ભૂત હોરર થ્રીલર 'ફાઇવ સ્ટાર'ના રેટીંગવાળું 'ભૂત' નામનું પિક્ટર બનાવ્યું હતું. એ જ રામગોપાલ વર્માએ 'સીંગલ સ્ટાર' રેટીંગવાળું 'રિટર્ન ઓફ ભૂત' પિક્ચર પણ બનાવ્યું! 'ભૂત'ને એવા તે કેવા ભૂત જેવા લોકો મળ્યા હશે કે ભૂત જેવું ભૂત પણ ફાઇવ સ્ટારમાંથી સીંગર સ્ટાર બની ગયું! અગાઉ જોયેલા અદ્ભૂત 'ભૂત' પિક્ચરે કારણે અમે તો તેના રિટર્નની રાહ જોઇને બેઠા હતા! ભૂત રિટર્ન ટિકીટ લઇને જ ગયું હશે તેમ સમજીને! (કારણ કે મોંઘવારી તો ભૂતને પણ નડતી જ હોયને! અને પ્લેન વિગેરેમાં રિટર્ન ટિકીટ સસ્તી પડે!)

ભૂત રિટર્ન તો થયું જ પરંતુ તે ઘર ભૂલ્યું! ઊર્મિલા માતોંડકરના શરીરમાંથી ગેયલું ભૂત ભૂલથી મનીષા કોઇરાલાના શરીરમાં દાખલ થઇ ગેયલ હોવું જોઇએ! (અમે આ પિક્ચર જોયું નથી પરંતુ તેમજ હોવું જોઇએ એવું અમારૂં માનવું છે!)

ગુમરાહ થયેલો દીકરો સાંજે ઘેર પાછો આવે તો 'પ્રોડીગલ સન' કહેવાય. ભૂતને 'પ્રોડીગર ભૂત' કહેવાય!

ભૂત-પ્રેતના પિક્ચર તેમજ સિરીયલ જોવાનો અને ભૂતકથા વાંચવાનો અમને શોખ છે.

અમારો આ શોખ જાણનાર કેટલાક અમારા કોલેજકાળનાં મિત્રો (કે જેમની સાથે આજે પણ અમારે 'તું' થી સંબોધન કરવાના સંબંધો છે) સાથે એકવાર અમારે ભૂત-પ્રેતની દુનિયા અંગે ચર્ચા થઇ. (એક વાડ વાત અહીં કરી લઇએ. સાધારણ રીતે 'તું' થી સંબોધન એકદમ નજીકના લોકો સાથે જ થાય. સંબોધનમાં 'તમે' આવે એટલે થોડા દૂર હોઇએ. તેવું લાગે અને 'આપ' આવે એટલે તો ઘણાં દૂર નીકળી જવાય!)

મૂળ ટ્રેક પર પાછા આવીએં તો - ભૂત અંગેની ચર્ચામાં મેં મારા મિત્રને પૂછ્યું - 'તેં પ્રેત દુનિયાની ક્યારેય અનુભૂતિ કરી છે? - ભૂત ક્યારેય જોયું છે?' જોલી સ્વભાવના અમારા મિત્રો જવાબ આપ્યો - 'મેં ભૂત જોયું છે! અરે એકદમ નજીકથી જોયું છે! તારે જોવું હોય તો દર્પણ લાવ!' દર્પણ લાવવાની વાતથી મને આશ્ચર્ય તો થયું પરંતુ પછી થયું કે આશારામ જેવા લોકો કે અન્ય તાંત્રિકોની તાંત્રિક વિદ્યા જેવું કાંઇક આમાં હશે એમ સમજીને મેં તેને દર્પણ અર્પણ કર્યું!

મારા મિત્રે મને કહ્યું, 'હવે દર્પણમાં જો!'

આવી હોવી જોઇએ દોસ્તી કે જેમાં દોસ્તને 'ભૂત' પણ કહી શકાય!

અગાઉ જણાવ્યું કે તેમ હોરર પિક્ચર જોવાના શોખે આ વિષયમાં વાંચવાની પણ એમને ઘણી પ્રેરણા પુરી પાડી છે! હોરર પિકચરનું નામ આવે એટલે ઓલ્ફ્રેડ હીમકોકનું નામ પહેલું આવે. ઘણાં વર્ષો પહેલાં તેણે બનાવેલ 'સાયકો' પિક્ચર જોનારા પ્રેક્ષકો ઘણા દિવસો સુધી ઊંઘી શક્યા નો'તા!

'સાયકો'ની નાયિકાના બાથરૂમમાં થયેલ ખૂનવાળા સીનને લોકો આજે પણ ભૂલી શક્યા નથી! લોકો ઘણાં વર્ષો સુધી પોતાના જ બાથરૂમમાં જતાં પણ ડરતા હતા!

(અને કોણ જાણે કેટલા દિવસો સુધી નાહ્યા વગરનાં રહ્યાં હશે!)

જે મોટેલના બાથરૂમમાં નાયિકાનું ખૂન થયેલું તે મોટેલનો સેટ એક ઊંચી ટેકરી પર બનાવાયેલ અને આજે પણ તે સાચવવામાં આવેલ છે. હોલીવુડ જનાર ટુરીસ્ટોને ત્યાં લઇ જવાય છે!

નવાઇ પમાડે તેવી વાત એ છે કે આવા હોરર પિક્ચર બનાવનાર હીચકોક પોતે ડરપોક હતો! આ તો એના જેવું લાગે ને કે રડતો માણસ હાસ્યલેખ લખે!

સાધારણ રીતે હળવા લેખો લખવા ટેવાયેલા અમને એકવાર મોડી રાત્રે એક હોરર સિરીયલ જોઇને તે 'ફીલ્ડ'માં હાથ અને કલમ અજમાવવાનો ભયંકર વિચાર સ્ફુર્યો. (કોઇ કોઇ ક્રિકેટરોને જેમ બીજા ફીલ્ડમાં એટલે કે ફિલ્મમાં કામ કરવાની ઇચ્છા જાગૃત થાય છે તે જ રીતે!

દાખલા તરીકે - અજય જાડેજા, સલીમ દુરાની વિગેરે!)

અને અમે કર્યાં - કેસરીયાં!

સૂનકાર મોડી રાત્રીના એકાંતમાં ને ઘરનાં બધા મેમ્બર્સ સૂઇ ગયા હતા ત્યારે ઉપરનાં મજલે જઇ મેં મારી બધી જ હિંમત ભેગી કરીને 'સત્યનો પ્રયોગ' કરવાનું નક્કી કર્યું! ઘરમાં કોઇને આ પ્રયોગની ખબર ન હોય એટલે સત્યના પ્રયોગમાં નિષ્ફળ જઇએ તો પણ જૂઠા ન પડીએ!

...અને મેં ભૂતકથા લખવાની શરૂઆત કરી! લેખ લગભગ અડધો લખાઇ ગયો હશે ત્યાં મારી આંખો ઘેરાવા લાગી! મારી જાત પર કોઇએ જાણે કબજો જમાવ્યો હોય તેવું લાગ્યું! હોરર પિક્ચરમાં બતાવે છે તેવું જ થયું! ફુલ સ્પીડે ફરતાં સીલીંગ ફેનની હવાથી હલતાં રહેલાં પાતળા પડદાની પાછળથી એક પક્ષીએ ચીચીયારી સાથે એન્ટ્રી કરી!


**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા


**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૫મી નવેમ્બર**

- ખ્યાતનામ નવલકથાકાર ગુણવંતરાય આચાર્યની પુણ્યતિથિ ૨૫.૧૧.૧૯૬૮. ઐતિહાસિક દરિયાઈ કથાઓ ભેટ આપી, દરિયાલાલ નવલકથાએ એમને કીર્તિની ટોચ પર મુક્યા.
- ઉદારમતવાદી ગર્વનર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકની જન્મજયંતિ.
- ૧૮૭૪ - રાજા રામ મોહનરાયના પ્રયત્નોને ટેકો આપી કુરિવાજો દૂર કરાવવામાં મહત્વનો ફાળો. સ્ત્રીઓની સ્થિતિ, કેળવણી વહેમ, અંધશ્રદ્ધા દૂર કરનારા સારા પ્રજ્ઞાશક્તિનું અવસાન ૧૯૩૯માં થયું.
- ૧૯૯૯- ડૉ. કલામ સરકારના મુખ્ય વૈજ્ઞાનિક



સલાહકાર બન્યા.
- ૧૯૩૫ - એક અબજ રૂપિયાનું દાન આપનારા એન્ડુ કાર્નેગીનો જન્મ.



- ૧૯૨૩ - ગઝલકાર બરકત વિરાણીનો જન્મ.

## મિલકતના વહીવટ/કબજા અંગે મામલતદારની સભા અને અધિકાર

મામલતદાર કોર્ટ એક્ટ મુજબ ખેડૂતના અધિકારો માટે મામલતદારશ્રીને સ્પેશિયલ સત્તાની સોંપણી કરવામાં આવેલ છે. ખેડૂતના ખેતરના લગતા પ્રશ્નો, રસ્તા અંગેના પ્રશ્નો, ગાળા બળદ, હળ લઇ જવા, લાવવા અંગેના રસ્તાની જોગવાઇઓ તેમજ અવરોધો દૂર કરવા માટેની મામલતદારને સત્તા અને અધિકાર, મામલતદાર કોર્ટ્ઝ એક્ટ કલમ-૪, ૫ મુજબ આપવામાં આવેલ છે. તેમજ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૪૫ મુજબ જમીન, મકાન, કોના કબજામાં હતા તેનો નિર્ણય લેવાની પણ સત્તા છે. તેમજ મુળ માલિકને મિલકતનો કબજો પરત સોંપવાની સત્તા પણ આપવામાં આવેલે છે.

મકાન, જમીન, બજારો, મત્સ્ય ક્ષેત્રો, જમીનની બીજી પેદાશો, મિલકતોના ભાડા અને નફા સંબંધીત પક્ષકારો વચ્ચેના ઝઘડામાં સુલેહ શાંતી ભંગ થાય તેમ હોય તો આવી મિલકત, જમીન યા મકાન ખરા અર્થમાં કોના કબજામાં છે તે અંગે યોગ્ય તપાસ કરીને નિર્ણય કરવાનો તેમજ પક્ષકારના કબજાનું રક્ષણ કરવાનો અને તે અંગે યોગ્ય હુકમ કરવાની સત્તા અને અધિકાર મામલતદારશ્રીને સોંપવામાં આવેલ છે.

આ પ્રકારની કાર્યવાહી ઇન્કવાયરી સ્વરૂપની હોય છે. જેમાં પક્ષકારોના નિવેદન, જવાબ, ઉલટ તપાસ, સાક્ષી, પુરાવા લેવાનો અધિકાર કલમ ૧૪૫ મુજબ મામલતદારશ્રીને છે. તેમજ મિલકતના કબજા અંગે તકરાર હોય તેમજ વાદવિવાદ વધે સુલેહ શાંતિ ભંગ થાય તેમ લાગે તો જયાં સુધી યોગ્ય શાંતિ ભંગ થાય તેમ લાગે તો જયાં સુધી યોગ્ય નિર્ણયના લેવાય ત્યાં સુધી આવી મિલકત, મકાન, ઢોરઢાંખર કે જમીનનો કબજો મામલતદારશ્રી પોતાની અંગત દેખભાળમાં રાખી કે મુકી શકે છે. તેમજ જયાં સુધી કબજા હક્ક અંગે યોગ્ય હુકમ કરવામાં ના આવે ત્યાં સુધી આવી મિલકતમાં પ્રવેશવા માટે મકાન હુકમ પણ ફરમાવી શકે છે.

### વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

મામલતદારશ્રીને આવી સત્તા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની સત્તા સોંપવામાં આવેલ છે.

કેટલાક કિસ્સાઓમાં દિવાની તકરારો કોર્ટમાં દાવા સ્વરૂપે ચાલુ હોય તેવા સંજોગોમાં જયાં સુધી દિવની તકરારોનો અંત ના આવે ત્યાં સુધી આવી મિલકત પોતાના કબજા હેઠળ મુકી શકે છે.

દિવાની અદાલતોના હુકમ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તથા તમામ પક્ષકારોને બંધનકર્તા રહે છે.

કલમ - ૧૪૫ મુજબ કરવામાં આવેલ કાર્યવાહીની અસર મિલકતના ટાઇટલ સંબંધીત થતી નથી. માત્ર કબજા હક્કમાં જ અસર થાય છે. તકરારી સંબંધીત આખરી નિર્ણય દિવાની અદાલતને જ છે. જેના હુકમ મામલતદારશ્રીને બંધનકર્તા છે તેવું સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. પરંતુ દિવાની દાવામાં કબજા હક્ક અંગે મનાઇ હુકમ ફરમાવેલ હોય તો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૪૫ મુજબ મામલતાદરશ્રી કોઇ પણ હુકમ કરી શકતા નથી, તેમજ નિર્ણય લેવાની સત્તા અધિકાર મામલતદારને નથી.

મામલતદારશ્રી સમક્ષ આવેલ તકરાર અંગે પોલીસ રિપોર્ટ યા બીજા કોઇ માહિતી પોતાને મળી હોય તો તારીખ પહેલાનાં બે માસ દરમિયાન અથવા તે તારીખ પછી પેટા કલમ-૧ મુજબના હુકમની તારીખમાં કોઇ પણ વ્યક્તિ પાસેથી ગેરકાયદેસર રીતે બળજબરીપૂર્વક કબજો છીનવી લેવામાં આવેલ હોય તો તે સંજોગોમાં તેવી વ્યક્તિને પેટા કલમ-૧ મુજબના હુકમની તારીખે કબજેદાર વ્યક્તિ તરીકે ગણી શકાય છે. હુકમના બે માસ અગાઉ મિલકતનો કબજો ગેરકાયદેસર અને બળજબરીપૂર્વક પઠાવી લેવામાં આવ્યો હોય તેવા સંજોગોમાં વધુ તપાસનો અધિકાર એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને નથી. મામલતદારશ્રીએ તાત્કાલિક અસરથી ઇન્ટ્રીમ હુકમ જારહી કરવા જોઇએ જેથી ભોગ બનનાર વ્યક્તિને વધુ નુકશાન સહન કરવું ના પડે.

સદર મિલકતનાં કબજા અંગેની સત્તા મામલતદારશ્રીને સ્થળ ઉપર પક્ષકારો વચ્ચે સુલેબ-શાંતિ ભંગ ના થાય, તે માટે પગલાં ભરવાની સત્તા અધિકાર આપવામાં આવેલ છે. જેથી મિલકતનો ખરો માલિક પોતાની મિલકત સુખ-શાંતિથી ભોગવી શકે.